ભક્તરત્ન
પૂજ્યશ્રી
સોભાગ
વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

JULY- 2026

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## જેમના હ્રદયમાં એકમાત્ર કૃપાળુદેવ વસતા હતા એવા પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના સમાધિ દિને (જેઠ વદ ૧૦) તેમના ચરણોમાં કોટી કોટી વંદન



**'શ્રી સુભાગ્ય, સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય'**

(- શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૯૩)

**'શ્રી સુભાગ્ય, સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય'** કેવું લખ્યું છે સંબોધન!! **'સ્વમૂર્તિ'** અભિન્નભાવ થયો. શું થયો? ભેદભાવ ન રહ્યો. મારા આત્માની જે મૂર્તિ છે ચૈતન્યમૂર્તિ!! કેવા શબ્દો નીકળ્યાં છે!! સૌભાગભાઈ થવાનું મન થઈ જાય એવું છે!! કેવો શબ્દપ્રયોગ કર્યો છે જુઓ! **'શ્રી સુભાગ્ય'** બીજીવાર લખી દીધું કે **'સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય'**

- સૌમ્યમૂર્તિ ભાઈશ્રી શશીભાઈ


(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૯૩ પર પ્રવચન)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૪૩, વર્ષ–૨૮, જૂલાઈ–૨૦૨૬

## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્ય સ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે. પણ કાયમ દ્રવ્ય સ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળ દશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દ્રષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ અને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા છે. અહીં હજી આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય છે. અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત–પ્રગટ ઊર્ધ્વતા થાય છે. ૩૯૯.

*

ક્ષણ ભંગુર સંયોગના લક્ષે થતાં પરિણામ ક્ષણમાં પલટી જશે પણ જ્યારે શાશ્વત રહેનારા આત્માનું લક્ષ કરે ત્યારે પરિણામ શુદ્ધ થશે ને એ શુદ્ધ પરિણામ શુદ્ધપણે શાશ્વત થતાં રહેશે. આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માનો અદ્‌ભુત આશ્ચર્યકારી ને ગહન સ્વભાવ છે. એ સ્વભાવનું લક્ષ કરવું એ જ આ દુર્લભ ભવની સાર્થકતા છે. ૪૦૦.

*

એક આત્મા જ સાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ સાર નથી. એક સમયની પર્યાય પણ સાર નથી. સારમાં સાર તો એક આત્મા જ છે. ચૌદ બ્રહ્માંડમાં સારમાં સાર એક આત્મા જ છે. એ સિવાય બીજું બધું નિઃસાર છે. પૈસા, લક્ષ્મી, ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ એ બધું નિઃસાર છે. ચૈતન્ય બાદશાહ એક જ જગતમાં સાર છે. અનાકુળ

આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ તે એક જ સાર છે. ચક્રવર્તીપદ કે ઈન્દ્રનું ઈન્દ્રાસન તે પણ સાર નથી. ૪૦૧.

*

પર્યાયની બાજુમાં જ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તે સર્વોત્કૃષ્ટ ચીજ છે. આશ્ચર્યકારી ચીજ છે. પોતાનો સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા સિદ્ધની પર્યાય કરતાં પણ સર્વોત્કૃષ્ટ છે કેમકે સિદ્ધદશા એ તો એક સમયની પર્યાય છે ને આત્મા તો એવી અનંતી સિદ્ધ પર્યાય જેમાંથી પ્રગટે એવું દ્રવ્ય છે, તે સર્વોત્કૃષ્ટ છે. અપરિમિત, અમર્યાદિત, જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનો પિંડ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સર્વોત્કૃષ્ટ ચીજને જે દૃષ્ટિ સ્વીકારે તે સમ્યક્‌દૃષ્ટિ છે. પર્યાયને ને ગુણભેદને સ્વીકારે તે દૃષ્ટિ સમ્યક્ નથી. ૪૦૨.

*

જે છૂટી જાય છે એ તો તુચ્છ વસ્તુ છે, તેને છોડતાં તને ડર કેમ લાગે છે. શરીર છૂટતાં કે વાણી બંધ થતાં તને ડર કેમ લાગે છે? એ તો તુચ્છ વસ્તુ છે. તેને છોડતાં તને ડર કેમ લાગે છે? જે આશ્ચર્યકારી સર્વોત્કૃષ્ટ પ્રભુ છે તેનો આશ્રય લે, તને આનંદ ઝરશે. ચિંતામણી રત્ન કહો, કલ્પવૃક્ષ કહો, કામધેનું કહો, તે આત્મા પોતે છે. જ્યારે જ્યારે તેનો આશ્રય કરે, ત્યારે ત્યારે આનંદનો આસ્વાદ આવે છે. ૪૦૩.

*

સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. વર્તમાન (પર્યાય)માં ત્રિકાળી જ્ઞાયક તે હું છું એમ આશ્રય કર. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દૃષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે, દુઃખનો નાશ થશે. એક ચૈતન્ય વસ્તુ ધ્રુવ છે તેમાં દૃષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે. અભેદ ચીજ કે જેમાં ગુણ-ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા, તને ધર્મ થશે, રાગથી છૂટવાનો પંથ હાથ આવશે, વિકારને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. ૪૦૪.

*

સ્ત્રી–પુત્ર–પૈસા આદિમાં રચ્યા–પચ્યા રહેવું એ તો સર્પનો મોટો રાફડો છે, ઝેરીલો સ્વાદ છે. પણ શુભમાં આવવું એ પણ સંસાર છે. પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓ અંદરમાં ગુમ થયા એ બહાર ન આવ્યા. ૪૦૫.

*

સમ્યગ્દૃષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગમતું નથી. અહીં તો વિશેષ દશાવાળાની વાત લીધી છે કે મહાજ્ઞાનીઓ અંદરમાં જામી ગયા છે. અહો! તે ધન્ય દિવસ ક્યારે આવે કે મારે બહાર આવવું જ ન પડે! - આવી જ્ઞાનીની ભાવના હોય છે. સમકિતીને આવી દશાની ભાવના હોય છે. પણ હું દુનિયાને સમજાવું આદિ ભાવના હોતી નથી. ૪૦૬.

*

સ્ત્રી–પુત્ર–પૈસા–આબરું આદિમાં કે રાગની મંદતામાં સુખ છે એમ માને છે તેણે જીવનું મરણ કર્યું છે કે હું પોતે આનંદસ્વરૂપ નથી પણ મારો આનંદ બહારથી મળે છે! ચૈતન્યપરિણતિથી જીવે તે જીવનું જીવન છે. બાકી બધા ચાલતાં મડદા છે. પામર પર ચીજમાં નજર દોડાવીને સુખી માને છે પણ પ્રભુ તું દુઃખી છો! જ્યાં આનંદનું

ધામ છે, આનંદનો ઢગલો છે, તેને જેણે પ્રતીતિમાં ને જ્ઞાનમાં લીધું તેને જ્ઞાન અને આનંદની પરિણતિ થઈ–એ ખરું જીવન છે. ૪૦૭.

*

બહારમાં હોંશુ ન કરીશ ભાઈ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ. ચૈતન્યની ઝળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય–પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય–બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન. ૪૦૮.

*

પ્રભુ તારી ચીજ તો નિર્મળ છે. તેથી નિર્મળ પરિણતિથી તને પ્રભુ મળશે. (રાગરૂપ મલિન પરિણતિથી નહીં મળે) રાગ મારો છે ને તેનાથી મને લાભ થશે એમ પકડ રાખી છે પણ ચૈતન્યસ્વરૂપ આત્માની પકડ કર તો સંસારરૂપી મગરમચ્છના મુખમાંથી છૂટી શકીશ. પ્રભુ! તારામાં તાકાત છે. તું પરથી ભિન્ન પડી શકે છે. મગર તો કદાચિત ન છોડે પણ તું પરથી ભેદજ્ઞાન કરીને સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકે તેમ છો. માટે પરથી ભિન્ન પડીને તારા આત્માને પકડ. ૪૦૯

*

રાગી છું કે રાગી નથી એવા નયોથી અતિક્રાંત વસ્તુ છે. વ્રતતપાદિનો રાગ એ તો સ્થૂળ રાગ છે પણ રાગી છું કે રાગી નથી એવા સૂક્ષ્મ રાગથી પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં અંદર જવાતું નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્ય હોવાથી શુદ્ધ નિર્મળ પરિણામથી વસ્તુને પકડી શકાય છે. એટલે કે અંદર જઈ શકાય છે. હું શુદ્ધ છું – એવા વિકલ્પથી પણ વસ્તુ હાથ આવે એવી નથી. ૪૧૦.

*

પહેલા રાગની મંદતા કરું એમ રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. વિકલ્પના વાયદા રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. જેમ કૂવામાં ઉભો કોશીયો પડે ને તળિયાની તાગ લઈ આવે તેમ એકદમ પુરુષાર્થ કરીને ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઉતરી જા. ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં ઊંડો ઉતરી જા. પર્યાય તો ઉપર ઉપર છે. દ્રવ્યમાં પેસી ગઈ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્યના ઊંડાણમાં લઈ જા. પર્યાય દ્રવ્યમાં જાય નહીં પણ પર્યાયનું લક્ષ દ્રવ્યમાં લઈ જા. ૪૧૧.

*

ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ–એ રહેવા દે બાપુ! મોત માથે નગારાં વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું આ કરું–એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં. ૪૧૨.

*

દ્રવ્ય સદા નિર્લેપ છે. કોને?– જે તેને જાણે એને. સંયોગ ને રાગ ઉપરથી દૃષ્ટિ છોડીને, એક સમયની જે હૈયાતી છે તેનું લક્ષ છોડીને ભગવાન જે નિર્લેપ છે તેની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. ૪૧૩.

*

આ આત્મા પ્રત્યક્ષ છે. જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે. તેને દેખ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન, મકાન, વૈભવ છે–એમ તું દેખે છો, પણ એ બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે. ૪૧૪.

*

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થયા પહેલા અનુમાનજ્ઞાનથી આત્મા જેવો છે તેવો જાણી શકાય ખરો?

ઉત્તર :- પહેલા અનુમાનજ્ઞાનથી ઓઘે–ઓઘે જાણે, પણ સ્વાનુભવમાં જ યથાર્થ આત્મા જેવો છે તેવો જણાય છે.

પ્રશ્ન :- અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે?

ઉત્તર :- અનુમાનજ્ઞાન વાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્ર ને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી. ૪૧૫.

*

આહાહા! આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ આત્મા એ મહા ગંભીર વસ્તુ છે. લોકોને અજાણ્યું લાગે. જેમ અજાણ્યા દેશમાં જાય ને અજાણ્યું - અજાણ્યું લાગે. પણ બાપુ! આ તો ભગવાનના દેશની વાતો છે. એને રુચિથી સાંભળે તો તેના પોતાના ઘરની જ છે. અજાણ્યું કાંઈ નથી. પોતાનું જ છે. અનંત અનંત જન્મ–મરણના નાશની વાતો છે. તેનો અભ્યાસ જોઈએ. નિવૃત્તિ જોઈએ. લૌકિક ભણતરમાં પણ દસ પંદર વર્ષ ગાળે છે તો આમાં થોડો વખત લઈને અભ્યાસ કરવો જોઈએ. આ વસ્તુ ગંભીર છે. નિશ્ચય કઈ વિધિથી છે, વ્યવહાર કઈ વિધિથી છે, વિગેરે જાણવું જોઈએ. આ તો સર્વજ્ઞે જાણીને કહેલી વાતો છે એને રુચિથી અંદરમાં જઈને અનુભવે તો એનો મહિમા કેવો ને કેટલો છે તે ખ્યાલમાં આવે. ૪૧૬.

*

આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરા પ્રસંગો આવી પડે. દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો રોગ થઈ ગયો હોય. ક્ષુધા–તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ

કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિને પ્રગટ કરી શકાય છે. ૪૧૭.

*

જાણનાર... જાણનાર... જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્‌પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ–સત્‌ને બતાવે છે. ૪૧૮.

*

પ્રશ્ન :– મિથ્યાત્વ–આસ્રવભાવને તોડવાનો વજ્રદંડ શું ?

ઉત્તર :– ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે. તે વજ્રદંડ છે. તેનો આશ્રય લેવાથી મિથ્યાત્વ–આસ્ત્રવભાવ તૂટે છે. પહેલામાં પહેલું કર્તવ્ય રાગથી ભિન્ન પડીને જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી એ છે. એ કાર્ય કર્યા વિનાના વ્રતાદિ બધું થોથા છે. ૪૧૯.

*

ભાઈ! તું સંસારનાં પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને! બાયડી, છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ વિલાસ મોજ મજા માણી હતી, તેમ યાદ કરે છે, સ્મરણ કરે છે, પણ એ તો બધા તને દુઃખના કારણો છે. સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડ્યો છે. ચાર ગતિઓના ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો જ ભર્યો પડ્યો છે. તેને યાદ કર ને! તેનું સ્મરણ કર ને! એ એક જ તને સુખ–શાંતિનું કારણ થશે. ૪૨૦.

*

ભાઈ! તું ચેતીને રહેજે, મને આવડત છે– એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ. માથે ટોકનાર ગુરુ જોઈએ. ૪૨૧.

*

પ્રભુ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી–બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન–સન્માન–સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન–સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે. ૪૨૨.

*

જડ–પર્યાયરૂપ દ્રવ્યેન્દ્રિય, ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયના વિષયભૂત પદાર્થ–ત્રણેને જ્ઞાયકના અવલંબન વડે ભિન્ન કરવા એ ઈન્દ્રિયનું જીતવું કહેવાય છે. ત્રણેનું લક્ષ છોડીને પોતાના આત્મામાં એકાગ્રતા કરવી એ નિશ્ચય સ્તુતિ છે. ૪૨૩.


*

# સંગનો વિવેક

**બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૨૨૯ પર પ્રવચન**
**તા. ૨૫-૧૧-૧૯૮૭, પ્રવચન નં.-૧૮૪**

**- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

(ગતાંક થી આગળ... )



**પ્રશ્ન : જ્ઞાની ધર્માત્માનો સંગ કરતો હોય અને સાથે સાથે કોઈ બુદ્ધિવાળાનો-ક્ષયોપશમવાળાનો સંગ થઈ જાય, સાથે સાથે બીજી કોઈ બાબતમાં વિચક્ષણતા હોય એનો સંગ થઈ જાય, એમાં લપસવાનું કારણ બની શકે?**

સમાધાન : એ તો વિપરીત અભિનિવેશ સહિત જ બધા કાર્યો કરવાનો... સિદ્ધાંત તો એ છે કે આનો પણ સંગ કરવો ને આનો પણ સંગ કરવો (એમ) બે વાત તો છે નહીં. એક બાજુનો જ ઉપદેશ છે, બીજી બાજુનો તો નિષેધ છે. તો એક બાજુના ઉપદેશને હું અનુસરું છું અને બીજી બાજુના નિષેધને અનુસરતો નથી તો આને પણ ખરેખર અનુસરતો નથી એમ નક્કી થઈ ગયું. સત્ શાસ્ત્ર પણ વાંચું છું અને સત્ શાસ્ત્ર નથી એના પ્રત્યે પણ મને લાગે છે કે આમાં પણ કાંઈક છે. વાતો તો સારી સારી કરી છે, કાંઈ પાપ કરવાની વાતો નથી કરતા. (પણ) એમ જોવાય નહીં.

(માર્ગમાં) જેમ જેમ આગળ ચાલે તેમ તેમ જવાબદારી વધે જ છે. જેમ ઊંચે જાય એમ જવાબદારી વધે છે. એટલે તો વ્યવહાર બાંધ્યો છે. વ્યવહાર બાંધ્યો છે એ મર્યાદા બાંધી છે બાહ્ય આચરણની. એની નીચે જાય એટલે એની જવાબદારીમાંથી ગયો, ચૂક્યો. એમ છે. એટલે 'કુંદકુંદાચાર્યે' મુનિના વિષયમાં બહુ કડક લખ્યું છે કે દ્રવ્યલિંગીનો સંગ કરીશ નહીં. ગૃહસ્થી કરી લેજે પણ દ્રવ્યલિંગીનો સંગ કરીશ નહીં. (ચારિત્રથી) ચ્યૂત થા (તો) બહુ વાંધો નહીં આવે. દ્રવ્યલિંગીનો સંગ તો (સમ્યગ્દર્શનથી-શ્રદ્ધાથી) ચ્યૂત થવાનું કારણ છે. દ્રવ્યલિંગી ભાવલિંગી જેવા દેખાતા હોય છે. સાધારણને તો ઓળખવા મુશ્કેલ પડે. ભાવલિંગી મુનિને તો કાંઈ ઓળખવાનો પ્રશ્ન નથી. (દ્રવ્યલિંગીને) ઓળખી લે છે કે આ ખાલી છે, આનું બાહ્ય આચરણ માત્ર છે. આને અંતર અનુભવ નથી. અનુભવની શાંતિ જુદી ચીજ છે, આ તો મનની શાંતિના પ્રકાર છે. તરત ખ્યાલ આવે. ઈ એના સંગમાં રહેવા આવે તો ઈ ઉપદેશ લઈ જાય બીજી વાત છે, આ એના સંગનો વિકલ્પ ન કરે, એની પ્રીતિ ન કરે, એના ભાવ

ન કરે કે હું એની સાથે રહું. એની સેવા કરતાં હોય તો? દ્રવ્યલિંગી મુનિ ભાવલિંગી મુનિની સેવા કરતા હોય તો? તો પછી એને એમ થાય? કે ભલે સાથે રહ્યાં સેવા તો કરે છે. પડી જઈશ તું. પડી જ જાય. મિથ્યાદષ્ટિ થઈ જાય. પડી જાય એટલે ચારિત્રથી પડે નહીં, મિથ્યાદષ્ટિ થઈ જાય. બહુ મોટું નુકસાન થઈ જાય. એટલો બધો વિષય (ગંભીર છે). કેમ કે અપેક્ષાબુદ્ધિ થઈ ગઈ એને. અપેક્ષાબુદ્ધિ થઈ કે ગયો ઈ.

મુમુક્ષુ : જ્ઞાનીનો સંગ મળે. પણ પર્યાયફેર છે એટલે પછી તો મુમુક્ષુનો જ સંગ રહેવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી : હા, ઈ તો વિશેષપણે તો મુમુક્ષુનો જ રહે ને. અને એ તો પર્યાય ફેર છે નહીંતર પણ જ્ઞાનીનો સંગ તો મર્યાદિત જ રહે. 'ગુરુદેવ' હોય તો મર્યાદિત સમય રહે. એમની રૂમમાં જાવ એટલે કેટલો સંગ કરી શકો? મિનિટોનો જ સવાલ છે, કલાકોનો સવાલ નથી કે બે કલાક, ચાર કલાક તમે પડ્યા રહો. એ તો ઓછું જ બને છે. પણ ઓછો છે છતાં કિંમતી બહુ છે. ઓછું છે એટલે ઓછી કિંમત છે એવું નથી. ઓછું છે છતાં કિંમતી ઘણું છે. પછી એ સંગમાં થયેલી વાતો, એ સંગમાં પોતે આત્મલક્ષે જે રસ લીધો, એ રસ કેટલો લંબાવવો, એ રસ કેટલો ઘૂંટવો એ પોતાનો વિષય છે. એટલે એની કિંમત ઘણી છે.

જેમ જલદ દવા હોય એનું પ્રમાણ હંમેશા ઓછું હોય. હીરાની ભસ્મ આપે એ કાંઈ સુદર્શનના ફાકડાની જેમ હીરાની ભસ્મનો ફાકડો ન લે. જેમ બીજી ફાકી હોય સાધારણ કે આ હીમેજ અને હરડેની ફાકી છે એક તોલો લઈ લ્યો એકસાથે, પેટ સાફ થઈ જશે. એવી રીતે હીરાની ભસ્મ ન લેવાય. ઓછું છે પણ કામ ઘણું છે. ભલે સમય ઓછો છે, રસ કેટલો વધુ લેવો એ તો પોતાના પરિણામનો વિષય છે, પોતાની યોગ્યતાનો વિષય છે.

આ 'સોગાનીજી'નું દષ્ટાંત લ્યો. હવે સામે સામે એક બીજો દષ્ટાંત લઈએ કે એમને સંગનો ભાવ ઘણો છે. એમના પત્રો એમ બોલે છે કે 'ગુરુદેવ'ના સત્સંગનો ભાવ ઘણો છે. પુણ્યયોગ એ પ્રકારનો નથી લઈને આવ્યા. પાત્રતા અને દશા તો ઘણી ઊંચી લઈ લીધી પણ પુણ્યયોગ લઈને નથી આવ્યા. આ વિચિત્રતા છે સંયોગોની. તો ખરેખર તો એ સંગમાં જ છે. સંગનો ભાવ છે એ સંગમાં છે. એટલે **physically** બહારમાં સંગ રહે એ જ સંગ છે એમ નથી ખરેખર. એમની જે વાત ચાલે છે, એમનો જે વિષય ચાલે છે ત્યાં એનું ચિત્ત રહી જવું, એનું ચિત્ત ચોંટી જવું અને એ નિમિત્તે એને એ ભાવ રહ્યા કરવો કે સંગમાં રહેવાય તો સારું. રહી શકાય, ન રહી શકાય એ તો બાહ્ય પરિસ્થિતિની અનુકૂળતાનો વિષય છે. એ પોતાના (કે) કોઈના અધિકારનો વિષય નથી. કોઈ જીવના અધિકારનો વિષય નથી.

મુમુક્ષુ : આમ તો દરેક મુમુક્ષુ ઈચ્છતા હોય કે જ્ઞાનીનો સંગ રહે, ગમે ત્યાં હોય. આખા હિન્દુસ્તાનમાં ગમે ત્યાં હોય, એ તો એવું જ ઈચ્છતા હોય, ભાવના એવી જ હોય.

પૂજ્ય ભાઈશ્રી : ઈચ્છતા હોય પણ હવે જુઓ! એમની ભાવના અને સામાન્ય ભાવના વચ્ચે ફેર

દેખાય છે કે નહીં? એમના પત્રો વાંચીએ છીએ આજે તો એમની જે ભાવના અને બીજા મુમુક્ષુઓ કોઈ મુંબઈમાં રહે છે, કોઈ કલકત્તામાં રહે છે, કોઈ દિલ્હીમાં રહે છે, કોઈ મદ્રાસમાં, બેંગ્લોરમાં, હૈદ્રાબાદમાં, જુદે જુદે દૂરના ક્ષેત્રોમાં દૂરના શહેરમાં વસે છે. ભાવના હોય છે કે આપણને જ્ઞાનીના સંગમાં રહેવાય તો સારું. પણ ભાવના ભાવનામાં કેટલો ફેર દેખાય! એ પ્રકારની ભાવના. એને ભાવના કહેવાય. સામન્ય ઉપર ઉપરની ભાવના તો અનંતવાર જીવને થઈ છે. અંદરથી જે ભાવના થાય છે એ બીજો પ્રકાર છે આખો. એવી ભાવના થાય. તો કાં તો સત્સંગ મળે અને ન મળે તો એની ભાવના રહે. બસ!

મુમુક્ષુ : લક્ષમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી : પરિણમનમાં જ ફેર છે આખો. લક્ષમાં પણ ફેર છે અને પરિણમનમાં પણ ફેર છે. યોગ્યતામાં જ ફેર છે. એ યોગ્યતા અનુસાર ભાવ આવે છે. એ ભાવ કોઈ કૃત્રિમતાથી લાવી શકાય છે એ કોઈ વસ્તુસ્થિતિ, પરિસ્થિતિ નથી. એમ. એટલે એ વિષય આખો પરિણામ ઉપર જાય છે. બહારનો યોગ તો બહારના પુણ્ય અનુસાર હોય છે. એના ઉપરથી કોઈ માપ ન કરી શકે. અથવા કોઈ ઈ ક્ષેત્રમાં નજીક રહેતા હોય માટે વધુ સત્સંગમાં રહીને વધુ ફાયદો લઈ ગયા હોય એવા ગણિતનો આ વિષય નથી. એવું ગણિત આની અંદર કામ લાગતું નથી કે એવું ગણિત આની અંદર હોતું નથી. એ વસ્તુની વાસ્તવિકતા પણ નથી. બધો આધાર ભાવ ઉપર જ છે. પછી એ ભાવનાની સાથે સાથે પુણ્યનો યોગ સાથ દેતો હોય તો સત્સંગ વિશેષ રહે અને પુણ્ય સાથ ન દેતું હોય તો સંગ ન રહે. પણ ભાવના દાબી શકાય નહીં, એની ભાવના દાબી શકાય નહીં. એવો પ્રકાર છે.

જેમ લૌકિક સંગ પુરુષાર્થ મંદ પડવાનું કારણ છે એમ આ બાજુ પ્રતિપક્ષમાં *'વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.'* કેટલી વાત લીધી છે! સવળું પડખું છે. બન્નેમાં એટલું ભર્યું છે. તારો પુરુષાર્થ મંદ પડશે, તારા જ્ઞાનને પણ મૂઢતા આવશે. લૌકિક સંગમાં પુરુષાર્થ મંદ પડશે, વીર્યગુણના પરિણામની વાત કરી. જ્ઞાનની વાત કરીએ તો તારા જ્ઞાનમાં મૂઢતા આવશે. મૂઢતા શું કામ કરે છે? કે નિજ ચૈતન્ય જે નિહાળવાની બાજુમાં અંધાપો આવે છે. એને અહીંયાં મૂંઢતા કીધી છે. આ સવળા પડખાથી એ વાત નીકળે છે.

વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની જે પરિણતિ તારે ઉત્પન્ન કરવી છે એ દિશામાં તારું કામ થશે. તારો ઉઘાડ વધી જશે, તને ત્યાગ કરવાની હોંશ સારી થઈ જશે, દ્રઢતા આવી જશે એમ નથી કાંઈ કીધું. તારા ચૈતન્યતત્ત્વને જે નિહાળવું છે, નિરાવરણ ચૈતન્ય પરમાત્મા અંદર બિરાજમાન પોતે છે એ નિજ નિહાળવાનું કાર્ય થતું નથી. વિદ્યમાન હોવા છતાં જીવ એને નિહાળી શકતો નથી. વાત તો લાંબી નથી કે ચૈતન્યપ્રભુ અંદરમાં મોજૂદ છે–હયાત છે–વિદ્યમાન છે. જ્ઞાન નિહાળી શકે એવી સંજ્ઞી પંચેન્દ્રિયની ક્ષમતાવાળું જ્ઞાન પણ મોજૂદ છે છતાં નિહાળી શકતો નથી. કેમ? કે એ બાજુ એને જે સન્મુખ થવું છે, એ સન્મુખ થવાની અશક્તિ છે. સન્મુખ થવા માટેની જે

શક્તિ મળવી જોઈએ એ શક્તિ એણે કેળવી નથી. એ શક્તિ કેળવવામાં તને સત્સંગ છે એ નિમિત્ત થશે, એમ કહેવું છે.

નહીંતર તો મુમુક્ષુજીવ એમ કહે કે બરાબર છે, આત્માના દર્શન કરવા જેવા છે અને આત્માના દર્શન કરવા માટે આત્મસન્મુખ થવું એ વાત પણ બરાબર છે, પણ થવાતું નથી. પણ થવાતું નથી. વસ્તુ મોજૂદ છે એને જાણનારની જ્ઞાનની પર્યાય મોજૂદ છે. ખૂટે છે શું? અને કેમ ખૂટે છે? શા માટે ખૂટે છે? વચ્ચે જે અંતરાય ઊભો છે એ અંતરાય શું ચીજ છે? એના માટે કેટલી તપાસ કરી એણે? એના માટે કેટલી દરકાર કરી? એ વિષયમાં કેટલો ઊંડે જવાનો એણે પ્રયત્ન કર્યો છે? એ સવાલ છે.

એણે આ એક બાહ્ય સાધનમાં એની એ દિશાની રુચિ ને એ દિશામાં આગળ વધવા માટેનું એક પગલું ભરવાનું અહીંયાં માર્ગદર્શન છે કે તું વિશેષ ગુણીના સંગમાં જઈશ, તારું ચૈતન્યતત્ત્વ અંતરંગમાં તારે જે નિહાળવું છે એવી પરિણતિ સાધવાનો, એવી પરિણતિ ઉત્પન્ન થવાનું, એવી પરિણતિ હશે તો વિશેષ વધવાનું એ કારણ થશે. બધુ એમાં લેવું. બધા **stage** લઈ લેવા. નહીં હોય તો ઉત્પન્ન થવાનું કારણ છે, હોય તો વધવાનું કારણ છે. પણ અવગુણીનો સંગ ભૂલેચૂકે (કરીશ નહીં), કુસંગમાં જઈશ નહીં, એ ભયંકર એરુના રાફડા જેવી ચીજ છે. ત્યાં જવા જેવું નથી.

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે...)

(પાના નં ૧૪ થી આગળ... )

જ્ઞાનને ઉપાદેય જાણ્યો અને શુદ્ધાત્મા નથી જણાતો. એમ ન બને. એ તો ખરેખર જાણ્યું જ નથી. ખરું જાણ્યું એનું નામ કહેવાય કે જ્ઞાયક જ્ઞાયકરૂપે પ્રગટે અને ન્યારો થાય તો ખરેખર એણે રાગને હેય જાણ્યો અને જ્ઞાનને ઉપાદેય જાણ્યું. ઉપર ઉપરથી જાણ્યું છે. ખરું અંદરથી જાણ્યું નથી.

પ્રશ્ન :– માતાજી! રાગ અને જ્ઞાન જુદા છે એટલું જાણે તો પૂરતું થઈ રહે? કે દ્રવ્ય અને જ્ઞાનની પર્યાય .. ભેદજ્ઞાન પણ કરવું પડે?

ઉત્તર :– રાગ અને જ્ઞાન જુદું જ છે એ જે રીતે જુદું છે... કારણ કે એ તો પોતાનો સ્વભાવ જ નથી. વિભાવ છે. અને આ જ્ઞાયક પોતાનો સ્વભાવ છે. એમાં પર્યાય છે એ પર્યાય છે એ પર્યાયની કોઈ અપેક્ષાએ પર્યાય એની છે. કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે. એટલે એનું સ્વરૂપ જેમ છે એમ જાણે.


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ'** ( જૂલાઈ–૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી ) ના અંકની સમર્પણ રાશિ


**સ્વ. સ્વાતી જૈનના સ્મરણાર્થે**

**હસ્તે શ્રીમતી બેલાબેન જૈન, ભાવનગર**

દ્વારા ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,

જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

## પરમ પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના દેહવિલય બાદ પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત ગુણાનુવાદ સભર પત્ર



પત્રાંક-૭૮૩

મુંબઈ, અસાડ સુદ ૪, રવિ, ૧૯૫૩

શ્રી સોભાગને નમસ્કાર

શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

સર્વ જીવ સુખને ઈચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી, તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્પુરુષના સમાગમનો લાભ પામે તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઈચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.


મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી પરમ દુર્લભ છે, એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનમાં ઉપદેશ્યું છે.

પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.


તે સમાગનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી

(અનુસંધાન પાના નં ૧૩ પર.. )



## આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે.

-આજ્ઞાંકિત સેવક સોભાગ લલ્લુભાઈ



*(પરમ કૃપાળુદેવના પ્રત્યક્ષ યોગે પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના આત્મા ઉપર જે ઉપકાર થયો તે તેમના જ શબ્દોમાં નીચેના પત્રમાં પ્રસિદ્ધ થયો છે.)*

સાયલા–જેઠ સુદી–૧૪, રવિ - ૧૯૫૩.

પરમપુરુષ, તરણતારણ, પરમાત્મદેવ, કૃપાનાથ, બોધસ્વરૂપ, દેવાધિદેવ, મહાપ્રભુજી, સહજાત્મ સ્વરૂપ સ્વામીની સેવામાં. મુંબઈ.

શ્રી સાયલેથી લિ. આપનો આજ્ઞાંકિત સેવક પામરમાં પામર સોભાગ લલ્લુભાઈના નમસ્કાર વાંચશો.....

‘‘.....દેહ ને આત્મા જુદો છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો. પણ દિન ૮ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી બેફાટ પ્રગટ જુદો દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે. એ આપને સહજ જણાવા લખ્યું છે.....’’

---

(પાના નં ૧૨ થી આગળ... )


પાડવા જે જીવ ઈચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે; કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

# એક જ્ઞાયકને જાણ !



**તત્ત્વચર્ચા** મંગલવાણી-સીડી-૧૫-**C**

**- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન**

પણ એમ કહે કે રાગ અને જ્ઞાન જુદા પાડ્યા પણ શુદ્ધાત્મા નથી જણાતો. એમ ન બને. જ્ઞાયકને ઓળખે તો એક જ્ઞાયકની અંદર શુદ્ધતા આવી જાય. એમાં બધું આવી જાય. હું અનંતગુણોથી ભરેલો એક શુદ્ધાત્મા. મારામાં કોઈ વિભાવ થયો નથી. અશુદ્ધ પર્યાયો જે છે તે પરિણતિ પર્યાયમાં છે. મારું દ્રવ્ય તો શુદ્ધ છે. એમ શુદ્ધતા પણ ભેગી આવી જાય, એમાં જ્ઞાયકતા પણ ભેગી આવી જાય. બધું એમાં હું જ્ઞાનદર્શનથી ભરેલો પૂર્ણ છું. કોઈ પદાર્થ સાથે મારે સંબંધ નથી. એ બધા પદાર્થો, એ બધા પરદ્રવ્યો હું એનાથી જુદો. એમ જુદાપણાનો ખ્યાલ આવી જાય, જ્ઞાયકતાનો ખ્યાલ આવી જાય, શુદ્ધતાનો ખ્યાલ આવી જાય. હું એક શુદ્ધાત્મા છું. બધો ખ્યાલ આવી જાય. પોતે રાગને હેય જાણે અને જ્ઞાનને ઉપાદેય જાણે તો એ પોતે નિર્ણય કરે એમાં બધું આવી જાય. એને જુદું જુદું જાણવું નથી પડતું. જ્ઞાયકને જાણે એમાં શુદ્ધાત્મા જણાય. એમાં નિત્ય કેવી રીતે? એમાં અનિત્ય કેવી રીતે? એ બધું એમાં આવી જાય છે. એક કેવી રીતે? અનેક કેવી રીતે? એ બધું આવી જાય. કે હું એક મારા સ્વભાવ દ્રવ્યથી એક છું. ગુણોમાં અનેકતા, પર્યાયમાં અનેકતા. એ બધું એના લક્ષમાં આવી જાય. એક જ્ઞાયકને ઓળખે તો. અને રાગ હેય છે. મારું સ્વરૂપ નથી. આ જ્ઞાયક જ ઉપાદેય છે. એવો નિર્ણય કરે એને પ્રયત્ન થયા વગર રહેતો નથી.

ઓલું આવે છે ને 'બંધ તણો જાણે સ્વભાવ, સ્વભાવ જાણે આત્મરૂપ' આત્માનો સ્વભાવ જાણે, બંધનો સ્વભાવ જાણે. પણ બંધથી જે વિરક્ત થઈ ગયો. પછી તે ન્યારો થઈ જાય છે અંતરથી. કે આ વિભાવ તે હું નથી. હું તો જ્ઞાયક છું. તો એની મુક્તિ થાય છે. અંતરથી મુક્તિની પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાનને ઉપાદેય જાણે અને રાગને હેય જાણે તો શુદ્ધાત્મા જણાયા વગર રહેતો જ નથી. તો મુક્તિનો પંથ એને પ્રગટ થઈ જ જાય છે.

પ્રશ્ન :- તો એમ થયું કે રાગને ભિન્ન જાણ્યો જ નથી?

ઉત્તર :- હા. રાગને ભિન્ન જ નથી જાણ્યો. જે જાણે એ તો બધું જાણે. રાગને જુદો જાણે તો જ્ઞાનને જુદો જાણ્યા વગર રહેતો જ નથી. આ અશુદ્ધતા મારું સ્વરૂપ નથી તો શુદ્ધતા શું છે એ એને ખ્યાલમાં આવ્યા વગર રહેતું જ નથી. એક પોતાનું અસ્તિત્વ જાણે તો આ મારું નથી એમ જાણ્યું તો ખરેખર એ પોતાને જાણે તો આ જુદો છે એમ જાણે છે. પણ એ એમ કહે કે રાગને હેય જાણ્યો,

(અનુસંધાન પાના નં ૧૧ પર.. )



# 'દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય'

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**પ્રશ્ન :– આપ શુદ્ધપર્યાયને દૃષ્ટિની અપેક્ષાએ ભિન્ન કહો છો કે જ્ઞાનની અપેક્ષાએ?**

**ઉત્તર :– દૃષ્ટિની અપેક્ષાથી ભિન્ન કહીએ છીએ, જ્ઞાનની અપેક્ષાએ તો નહીં. દૃષ્ટિ કરવાના પ્રયોજનમાં ભિન્નતાનું જોર દીધા વિના દૃષ્ટિ અભેદ નથી થતી; તેથી દૃષ્ટિની અપેક્ષાએ જ ભિન્ન કહીએ છીએ; અને મારી તો આ 'દૃષ્ટિ પ્રધાન' જ શૈલી છે, તેથી આમ જ કહીએ છીએ. ૨.**

*

**સિદ્ધ (પર્યાય)થી પણ હું અધિક છું. કારણ કે સિદ્ધ (દશા) તો એક સમયની પર્યાય છે, અને હું તો એવી એવી અનંતપર્યાયોનો પિંડ છું. ૭.**

*

**જેમ મેરુ પર્વત અડગ છે, હું પણ (સ્વભાવથી) એવો જ અડગ છું. મેરુમાં તો પરમાણુ આવે જાય છે, પરંતુ મારામાં તો કાંઈ આવતું જતું નથી; એવો હું અડગ છું. ૮.**

*

**'હું વર્તમાનમાં જ મુક્ત છું, આનંદની મૂર્તિ છું, આનંદથી ભરચક સમુદ્ર જ છું',– એવી દૃષ્ટિ થાય, તો પછી મોક્ષથી પણ પ્રયોજન નથી, મોક્ષ થાઓ તો થાઓ ન થાઓ તો પણ શું?** (પર્યાયની આટલી ગૌણતા દ્રવ્યદૃષ્ટિમાં થઈ જાય છે.) **મને તો વર્તમાનમાં પણ આનંદ આવી રહ્યો છે, પછી પરિણતિમાં તો મોક્ષ થશે જ** (એવી પ્રતીતિ આવી જાય છે) **પરંતુ મારે તો તેથી પણ પ્રયોજન** (દૃષ્ટિ) **નથી. ૯.**

*

**દ્રવ્યદૃષ્ટિના હિસાબે તો શુદ્ધ પર્યાય જ પરદ્રવ્ય છે, મારા અસ્તિત્વમાં તે** (શુદ્ધપર્યાય) **નથી, રાગની તો વાત જ શું?** (દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યસ્વભાવમાં અહંભાવરૂપ શ્રદ્ધાનું પરિણમન થવું, એવી શ્રદ્ધા થવાથી જ પર્યાય શુદ્ધ થાય છે પરંતુ શ્રદ્ધા તેમાં અહંભાવ કરતી નથી.) **૧૧.**

*

**પર્યાયમાં તીવ્ર અશુભ પરિણામ હો, અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હો, મારામાં** (એકરૂપ દ્રવ્યસ્વભાવમાં) **કાંઈપણ બગાડ સુધાર નથી થતો, હું તો જેવો ને તેવો જ છું. ૧૨.**

*

# અદ્‌ભુત યોગ્યતાના ધણી સૌભાગ્યમૂર્તિ સોભાગભાઈ!!

## સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગારો!!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



(જુઓ)! કૃપાળુદેવનો આત્મા કોળી ઉઠતો હતો.... એના આત્મભાવ આવિર્ભાવ થવા મંડતા હતા, એમની યોગ્યતા કેવી? જેના સંગથી, જેના વચનોથી, જેના પત્રોથી જ્ઞાનીનો આત્મા ખીલી ઉઠે એ સામા જીવની યોગ્યતા કેવી? એવી યોગ્યતા સૌભાગ્યભાઈ ધરાવતા હતા. એટલે ખરેખર એ સૌભાગ્યમૂર્તિ જ સૌભાગ્યભાઈ હતા. લખ્યું છેને આગળના પત્રમાં 'સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ!' એવું લખ્યું છે!

મુમુક્ષુ :- જેવું નામ તેવા ગુણ!

પૂજ્ય ભાઈશ્રી :- યથા નામા તથા ગુણા! (લખે છે) પ્રસન્ન થવાય છે એમ નહિ, પરમ પ્રસન્નતા થાય છે અને ફરીફરી સત્‌યુગનું સ્મરણ થાય છે. કે તમારા જેવા મુમુક્ષુ તો સત્‌યુગમાં હોય, આ કળિયુગમાં ન હોય, એમ. કેવા હશે બોલો! હજી ત્રણ મહિનાનો પરિચય છે, ભાદરવા મહિનામાં પરિચયમાં આવ્યા છે, માગશર મહિનો ચાલે છે. એવા હતા! સત્‌યુગનું સ્મરણ કરાવે એવા હતા. સોભાગભાઈ કેવા હતા? સત્‌યુગનું સ્મરણ કરાવે એવા હતા. જુઓને! આગળ જતાં ૩૦માં વર્ષે એમણે આત્મસિદ્ધિ લખી, ૧૪૨ કડી..!! એ સોભાગભાઈને લક્ષમાં રાખીને લખી છે.



અંદરથી ધારા છૂટી! ૧૪૨ કડી લખી નાખી! બાકી રહ્યું તો ૭૫૧મો પત્ર આવ્યો, પાછો એમણે પ્રશ્ન લખ્યો હતો કે અનેક પ્રકારના સમકિતની વાત લખો છો તો એ તો ખોલો... તો કહે, આમ છે... ત્રણ સમકિત છે! અમારા જ્ઞાનમાં ત્રણ સમકિત છે. એવી બધી વાતો જે શાસ્ત્રોમાં શોધવી-ગોત્યી જડે નહિ એવી વાતો એમણે કૃપાળુદેવના પેટમાંથી (હૃદયમાંથી) કઢાવી છે.

(શ્રીમદ્ રાજચંદ્ર સળંગ પ્રવચન નં-૬૮૪, ૨૧.૪૫ મિનિટે)

*

(પત્રાંક-૨૦૧ના અંતમાં લખે છે કે) વિનિત આજ્ઞાંકિતના દંડવત્. ઠીક! એવી ભક્તની ભક્તિ એમણે કરી છે. ભક્તની ભક્તિ એવી કરી છે. અને એટલી બધી સોભાગભાઈની ભક્તિ કર્યા પછી પણ એટલે **topmost response** જેને કહી શકાય, એટલો બધો **response** આપ્યા છતાં




સોભાગભાઈને એક અંશમાત્ર માન ચડ્યું નથી. નહિતર પ્યાલો ફાટી જાય. ગુરુ ઉઠીને શિષ્યની ભક્તિ કરેને ત્યારે પચાવવું બહુ અઘરું છે. તે **response** જેટલો **highly response** ગણાય એટલો જ એ બહુજ **heavy dose** છે પચાવવા માટેનો. જેમ પેલો સાલમપાક પચાવવો મુશ્કેલ પડેને... સાલમપાક તો અત્યારે નથી દેખાતો, હવે બધું ફરી ગયું છે. પણ અનેક જાતની ઔષધિથી શિયાળામાં એક પાક બનાવવામાં (કે જેમાં) ઘી ખૂબ હોય અને બીજી ઘી પીવે એવી ઔષધિ પણ હોય કે જેથી શરીર શક્તિથી સ્વાસ્થ્ય મજબૂત થાય એવી, એક શિયાળામાં ખાધેલું બાર મહિના સુધી ચાલે. પાછો બીજો શિયાળો આવે ત્યારે ફરીને ખાવા મળે કેમકે શિયાળા સિવાય પચે નહિ. ઉનાળામાં ખાય તો ગરમી ફૂટી નીકળે એવા ગરમ ઔષધો એની અંદર હોય. એ જેમ પચાવવું અઘરૂં પડે તેમ **response** પચાવવો પણ બહુ અઘરો છે. સૌભાગભાઈ તો મહાપાત્ર હતા. ગમે તેટલો, આટલો **response** આપ્યો છે કે તમારી ચરણરજ છીએ, આપની કૃપાદૃષ્ટિ ઈચ્છીએ છીએ. જ્યારે એ તો હજી પા..પા.. પગલી ભરતા હતા. આ પત્ર લખે છે ત્યારે હજી પરિચયને છ મહિના ન્હોતા થયા. છ મહિના થયા (કેમકે) આગલા ભાદરવામાં પરિચયમાં આવ્યા છે. ૨૩માં વર્ષે. આ મહા મહિનામાં કાગળ લખે છે. એવી યોગ્યતાવાળા છે!!
(શ્રીમદ્ રાજચંદ્ર સળંગ પ્રવચન નં-૭૦૬, ૨૪.૦૦ મિનિટે)

*

......સોભાગભાઈની ઉંમર જ્યારે એ પરિચયમાં આવ્યા ત્યારે એ ૬૭ વરસનાં હતાં અને ૭૩ વર્ષે એમણે દેહ છોડ્યો એટલે ૬-૭ વરસનો સંયોગ રહ્યો એ બન્ને વચ્ચે. એ છેલ્લે-છેલ્લે દેહાંતના ૧૭ દિવસ પહેલા આત્મજ્ઞાન પામ્યા છે. એમણે એક પત્ર લખ્યો છે એના ઉપરથી, છેલ્લો પત્ર એમનો એ છે. આત્મા પામ્યા.. એમ થયું છે અને એ આમના થકી જ પામ્યા છે. ઈડરમાં એમને લઈ ગયા હતા પછી ઈડરથી ઘરે આવ્યા પછી પામ્યા, પણ ઈડરમાં એમને જે ગુપ્ત મંત્ર, ગુપ્ત ભેદ જે બતાવવો હતો, જે મંત્ર બતાવવો હતો એ બીજજ્ઞાનનો મંત્ર એમને બતાવી દીધો. કે જે લઈને એ પહેલા-વહેલા આવ્યા હતા. પહેલા-વહેલા એ જ વિષય લઈને જ એમનો સંયોગ થયો હતો. અને એ જ વિષય લઈને છેલ્લે એમનો વિયોગ થયો છે. જુઓ! ઘટના જુઓ એમના જીવનની! એ જ બીજજ્ઞાનના વિષયનો મંત્ર સમજાવો કે આમાં શું છે? તો કહે સમજાવશું તમને. અને છેલ્લે એમણે એ સમજાવ્યો પછી આત્મજ્ઞાન પામ્યા છે. છેલ્લો મંત્ર એમણે એ જ આપ્યો છે, બીજજ્ઞાનનો!

(શ્રીમદ્ રાજચંદ્ર સળંગ પ્રવચન નં-૭૩૩, ૩૦.૦૦ મિનિટે)

*



# વાસ્તવિકતામાં આવ !!

– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

**પ્રશ્ન :** અતીન્દ્રિય આનંદ અને મનના આનંદમાં બહુ ફરક દેખાતો નથી.

**સમાધાન :** ખરેખર તો અતીન્દ્રિય આનંદ જોયો છે કે 'દી તો ફરક દેખાય. મનના આનંદમાં આનંદ માની લીધો છે એટલે અતીન્દ્રિય આનંદના એને દર્શન થાતા નથી. ખરેખર તો એમ છે. એટલે મનનો આનંદ એ આનંદની કલ્પના છે એની. અને એને ખરો આનંદ માન્યો છે, કલ્પિત આનંદને ખરો માન્યો છે. એટલે એનો પુરુષાર્થ એ સંબંધીનો મટતો નથી, ચાલુ ને ચાલુ રહે છે. અને પાછો એ વિચાર નથી કરતો કે જો જ્યાં આનંદ છે તો કેમ ત્યાં ને ત્યાં (સ્થિર થતો નથી)? રૂમમાં બેઠા બેઠા આનંદ છે તો શું કરવા બહાર નીકળે પછી? અને બહાર અગાશી ખાટે બેઠા બેઠા આનંદ છે તો રૂમમાં જાય શું કરવા? ક્યાંય આનંદ નથી. ઈ જગ્યા બદલે છે એનો અર્થ એમ છે કે એને ત્યાં આનંદ નથી. ત્યાં કંટાળો આવ્યો એટલે બહાર આવ્યો. બહાર આવ્યો, બહાર કંટાળો આવ્યો એટલે અંદર ગયો. બન્ને આનંદનો પ્રયત્ન નથી. બેમાંથી એકેય આનંદનો પ્રયત્ન નથી. એટલે આનંદ જ્યાં છે ત્યાંથી આનંદ લેવાનો પ્રયત્ન ન થાય અંતર્મુખ થઈને ત્યાં સુધી બહારમાંથી ક્યાંય આનંદ મળવાની આશા રાખવી વ્યર્થ છે.

જ્યાં જે ચીજ નથી, આ પાટમાં આનંદ નથી તો ગમે તેટલી વાર અહીંયાં બેસી રહે, શું આનંદ મળે? કોઈ બહારના ક્ષેત્રમાં આનંદ નથી, કોઈ મકાન મહેલમાં આનંદ નથી, કોઈ ખાણી-પીણીમાં આનંદ નથી. પહેલા તો ઈ વસ્તુ નક્કી તો કરે, તપાસીને તો નક્કી કરે. જ્યારે એને વિકલ્પ ઊઠે. વિકલ્પ ઊઠીને ક્રિયા કરે કે મને આ બેસવામાં ઠીક છે, અત્યારે સૂવું નથી ગમતું. વળી બેઠા બેઠા થાકે એટલે કહે હવે સૂવામાં સુખ છે, જરાક આડે પડખે થાવ તો અસુખ મટે. અસુખ થયું છે એ અસુખ મટે. પણ નક્કી કરે કે આમાં સુખ ક્યાં છે? તપાસે તો ખરો. તપાસ્યા વગર એમ ને એમ ઢળી પડે, ઝૂકી જાય. આનંદ મળવાનો નથી, પાછું ફરવું પડશે, બીજો કોઈ રસ્તો નથી. એટલે આ તો વાસ્તવિકતામાં આવવાનો વિષય છે. કલ્પના કરી કરીને આથડ્યો. ચારેય ગતિમાં ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણનું કારણ આ-કલ્પના બીજી કાંઈ નથી. જીવની પોતાની કલ્પના એ ભ્રમણા છે, એ મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન છે અને એને લઈને જ પરિભ્રમણ છે. પરિભ્રમણના મૂળને શોધીને એને ટાળવું રહ્યું, બીજો એમાં કોઈ ઉપાય નથી.

(પ્રવચનાંશ.. 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૩૦, તા. ૨૮-૧૧-૮૭, પ્રવચન નં-૧૮૫, 'અધ્યાત્મ સુધા' ભાગ-૭, પાનું -૨૦૬,૨૦૭)

# 'સ્વાનુભૂતિપ્રકાશ' પત્રિકા સંબંધિત અગત્યની સૂચના

જયજિનેન્દ્ર! આ સાથે જણાવવાનું કે 'સ્વાનુભૂતિપ્રકાશ' - આધ્યાત્મિક માસિક પત્રિકા હિંદી / ગુજરાતીમાં અમો છેલ્લા ૨૮ વર્ષથી આપને સ્વાધ્યાય હેતુ મોકલી રહ્યાં છીએ. હવે ઘણો લાંબો સમય થયો હોવાથી એડ્રેસ બદલાયા હોય, અથવા પત્રિકાનો સદઉપયોગ ન થતાં કોઈપણ પ્રકારની અશાતનાની સંભાવના હોવાથી ટ્રસ્ટ દ્વારા પત્રિકા હાલમાં પ્રાપ્ત કરી રહેલ બધા જ મુમુક્ષુઓએ નવેસરથી ફરજીયાત પોતાનું નામ તથા એડ્રેસનું **registration** કરવાનું રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આગામી ઑક્ટોબર-૨૦૨૬ સુધીની સમયમર્યાદામાં સર્વે મુમુક્ષુને આ પત્રિકા ત્યારબાદ ચાલુ રાખવા માટે નીચે દર્શાવેલ વિગત ભરી આ ફોર્મનો ફોટો પાડી અમારા વૉટ્સએપ નં.- ૯૪૦૮૩૦૩૧૫૨ ઉપર મોકલી આપવાનો રહેશે. નવેમ્બર-૨૦૨૬થી ફક્ત નવેસરથી **registered** થયેલ એડ્રેસ ઉપર જ આ પત્રિકા મોકલવામાં આવશે. જે મુમુક્ષુ **registration** નહિ કરાવે તેમને આ પત્રિકાની ઉપયોગિતા કે આવશ્યકતા નથી તેમ સમજી મોકલવાનું બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેશોજી.

આપને ફિઝિકલ કૉપી કે **pdf** ફાઈલ કે બન્ને જોઈએ તો તે મુજબ નીચેના બોક્સમાં ટીક કરશોજી.

- મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

ફિઝિકલ કૉપી ☐ **pdf** ફાઈલ ☐

હાલનો રજી. નં :- ______________

નામ :- ________________________________________

સરનામું :- ________________________________________

________________________________________

પિનકોડઃ- ______________

મોબાઈલ નંઃ- ______________

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

## 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1175**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001